GJJN220001782025

सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | ૧૧/૦૬/૨૦૨૫ |
| કેસ નોંધ્યા તારીખ | ૧૧/૦૬/૨૦૨૫ |
| કેસ નિકાલ તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૦ ૨૭ |

**<u>નમુના-અ</u>**

| **<u>વંથલીના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી ની કોર્ટમાં, મુકામઃ વંથલી.</u>** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| કેસ નંબર | **પોકસો કેસ નં. ૮/૨૦૨૫.** |
| **જજમેન્ટ આંક** | ૮૪ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ-૪,૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ. |
| પ્રથમ માહીતી એહવાલ સંખ્યા | ૧૧૨૦૩૦૦૬૨૪૦૦૦૧/૨૦૨૪. |
| પોલીસ સ્ટેશન | બાંટવા પોલીસ સ્ટેશન. |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એડી.પી.પી.શ્રી જે.એમ. દેવાણી |
| આરોપીપક્ષ | **વિશાલભાઇ ઉર્ફે લક્ષ જમનાદાસ પુરાણી,** જાતે-અનુ.જાતિ (બાવાજી), ઉ.વ. ૨૬, ધંધો-મજુરી, રહે. આંબેડકરનગર, હનુમાન ચોકની બાજુમાં, જુનાગઢ. |
| રજુઆત | વિ.વકીલશ્રી જી.બી. સાપરા |

**નમુના–બ**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૧/૧૨/૨૦૨૩ |
| પ્રથમ માહીતી અહેવાલની | ૦૪/૦૧/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૦/૦૬/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૧૦/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૩/૧૧/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –––– |

**નમુના–ક**

**ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| **સાહેદ નં.** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | સાહેદ–ભોગ–બનનારની જુબાની. | ૧૫ |
| ૨. | ફરીયાદી–એસ.પી. સોલંકીની જુબાની. | ૧૭ |
| ૩. | સાહેદ–ડો.જીગ્નેશ પ્રવીણભાઇ સામતાની જુબાની. | ૫૯ |
| ૪. | સાહેદ–લખમણભાઇ દેવાભાઇ રાવલીયાની જુબાની. | ૬૬ |
| ૫. | સાહેદ–ડો.રાજન બાલુભાઇ ભાદરકાની જુબાની. | ૬૯ |
| ૬. | પોલીસ સાહેદ–નારાયણસિંહ લક્ષમણસિંહ પાંડોરની જુબાની. | ૭૨ |
| ૭. | પોલીસ સાહેદ–ભાનુબેન મથુરભાઇ વાઘમશીની જુબાની. | ૭૩ |
| ૮. | પોલીસ સાહેદ–હર્ષાબેન પાબુદાન ગઢવીની જુબાની. | ૮૦ |

| **ક્રમ નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નીવેદન. | ૧૬ |
| ૨. | પોલીસ ફરીયાદ. | ૧૮ |
| ૩. | શ્રી એકલેરા પ્રાથમીક શાળા, તા.માણાવદર, જી.જુનાગઢનાએ કાઢી આપેલ ભોગ–બનનારનો જન્મતારીખનો દાખલો. | ૨૦ |
| ૪. | અપહરણ થનારની દુરદર્શન ઉપર બહોળી પ્રસીધ્ધી તેમજ તપાસ તજવીજ કરવા પરિશિષ્ટ–ક–૧. | ૨૧ |
| ૫. | સ્થાનીક જગ્યાનું પંચનામુ. | ૨૨ |
| ૬. | ઔદ્યોગીક તાલીમ સંસ્થા, આઇ.ટી.આઇ. બાંટવાને બે સરકારી કર્મચારી પંચમાં રહેવા ફાળવવા બાબત લખેલ પત્ર. | ૨૩ |
| ૭. | આરોપીનું અટક પંચનામુ. | ૨૪ |
| ૮. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા પી.એસી.ઓ.ને લખેલ ચાદી. | ૨૫ |
| ૯. | ઓન ડયુટી મેડીકલ ઓફીસરશ્રી, સી.એચ.સી. હોસ્પીટલ માણાવદરને આરોપીની મેડીકલ તપાસણી માટે લખેલ ચાદી. | ૨૬ |
| ૧૦. | આરોપીનો મેડીકલ તપાસણી રીપોર્ટ. | ૨૭ |
| ૧૧. | આરોપીનો લેબોરેટરી ટેસ્ટ રીપોર્ટ. | ૨૮ |
| ૧૨. | આરોપીના શરીર પરથી લીધેલ સેમ્પલ એફ.એસ.એલ. જુનાગઢને મોકલ્યાનો ફોરવર્ડીગ પત્ર. | ૨૯ |
| ૧૩. | ભોગ–બનનારની મેડીકલ તપાસણી કરી સર્ટીફીકેટ મળવા મેડીકલ ઓફીસર, સીવીલ હોસ્પીટલ, જુનાગઢને લખેલ ચાદી. | ૩૦ |
| ૧૪. | ભોગ–બનનારના શરીર પરથી લીધેલ સેમ્પલ પી.આઇ.જુનાગઢને મોકલ્યાનો ફોરવર્ડીગ પત્ર. | ૩૧ |
| ૧૫. | ભોગ–બનનારનો મેડીકલ તપાસણી રીપોર્ટ. | ૩૨ |
| ૧૬. | જયુડી.મેજી.ફ.ક.શ્રી માણાવદરને કલમમાં ઉમેરો કરવા કરેલ ચાદી. | ૩૩ |
| ૧૭. | રજીસ્ટ્રારશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટીને બે સરકારી કર્મચારી પંચમાં ફાળવવા લખેલ ચાદી. | ૩૪ |
| ૧૮. | જુનાગઢ કૃષિ યુનિવર્સીટીનો બે સરકારી કર્મચારી ફાળવ્યાનો કચેરી આદેશ. | ૩૫ |
| ૧૯. | ભોગ–બનનારના કપડા કબ્જે કર્યાનું પંચનામુ. | ૩૬ |

| | | |
|---|---|---|
| ૨૦. | ભોગ–બનનારની પુછપરછની વીડીયોગ્રાફી કર્યા સબંધે કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર. | ૩૭ |
| ૨૧. | બનાવવાળી જગ્યાનું પંચનામુ. | ૩૮ |
| ૨૨. | આરોપીના મેડીકલ નમુના કબ્જે કર્યાનું પંચનામુ. | ૩૯ |
| ૨૩. | જયુડી.મેજી.ફ.ક.શ્રીને ભોગ–બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નીવેદન લેવા લખેલ યાદી. | ૪૦ |
| ૨૪. | ભોગ–બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું લીધેલ નીવેદનની નકલ મળવા લખેલ યાદી. | ૪૧ |
| ૨૫. | કવર. | ૪૨ |
| ૨૬. | એફ.એસ.એલ.ગાંધીનગરનો સ્થળ પરીક્ષણ અહેવાલ. | ૪૩ |
| ૨૭. | ભોગ–બનનારના મેડીકલ નમુના કબ્જે કર્યાનું પંચનામુ. | ૪૪ |
| ૨૮. | મુદ્દામાલ પૃથ્થકરણ કરવા એફ.એસ.એલ. જુનાગઢને નમુના મોકલ્યાનો ફોરવર્ડીંગ લેટર. | ૪૫ |
| ૨૯. | એફ.એસ.એલ. જુનાગઢનાને મુદ્દામાલના નમુના મળ્યા બદલ આપેલ પહોંચ. | ૪૬ |
| ૩૦. | બનાવવાળી જગ્યાનું પંચનામુ. | ૪૭ |
| ૩૧. | બનાવવાળી જગ્યાના પંચનામાનું વીડીયો રેકોર્ડીંગ કર્યાનો પત્ર. | ૪૮ |
| ૩૨. | બનાવવાળી જગ્યાનું સ્થળ પરીક્ષણ કરવા એફ.એસ.એલ. અધિકારીને પધારવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભુમી ધ્વારકાને લખેલ પત્ર. | ૪૯ |
| ૩૩. | એફ.એસ.એલ. ગાંધીનગરનો સ્થળ પરીક્ષણ અહેવાલ. | ૫૦ |
| ૩૪. | નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. શહેર ખંભાળીયાને બે સરકારી કર્મચારી પંચમાં ફાળવવા લખેલ પત્ર. | ૫૧ |
| ૩૫. | નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. શહેર ખંભાળીયાએ બે કર્મચારીને પંચો તરીકે ફાળવ્યાની જાણ કરતો લખેલ પત્ર. | ૫૨ |
| ૩૬. | એન્ટી હયુમન ટ્રાફીકીંગ યુનીટ અધિકારી, જુનાગઢને તપાસ સંભાળવા લખેલ યાદી. | ૫૩ |

| | | |
|---|---|---|
| ૩૭. | એફ.આઇ.આર.ની ખરીનકલ. | ૫૪ |
| ૩૮. | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરીનકલ. | ૫૫ |
| ૩૯. | એફ.એસ.એલ. જુનાગઢનાએ મુદામાલ પરીક્ષણ રીપોર્ટ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર. | ૫૬ |
| ૪૦. | ભોગ–બનનારની પુછપરછ કરી નીવેદનની વીડીયોગ્રાફી કર્યાની પેનડ્રાઇવ. | ૫૭ |
| ૪૧. | ભોગ–બનનારના એમ.એલ.સી. કેસ પેપર્સ. | ૬૦ |
| ૪૨. | ભોગ–બનનારના લીધેલ નમુના સીલબંધ કરી મોકલ્યાની લેખીત યાદી. | ૬૧ |
| ૪૩. | એકલેરા પ્રા.શાળાના વયપત્રક રજી.ના અનુ. નં. ૬૦૭ ના પાનાના ઉતારાની ખરીનકલ. | ૬૭ |
| ૪૪. | દર્દીના એમ.એલ.સી. કેસ પેપર્સ, સોનોગ્રાફી રીપોર્ટ, પ્રેગનન્સી રીપોર્ટ, લેબ રીપોર્ટ કુલ પાના–૮. | ૭૦ |

– **જજમેન્ટ** –

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૩૧/૧૨/૨૦૨૩ ના કલાક ૧૩.૦૦ થી કલાક ૧૪.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ–બનનાર ઉ.વ. ૧૭ વર્ષ ૧–માસ (જન્મ તા.૧૬/૧૧/૨૦૦૬) વાળીને બાંટવા બસ સ્ટેશન ખાતે બોલાવી, લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઇરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, રાજકોટ સાહેદ કાન્તીભાઇ બીજલભાઇ ચાવડાના ઘરે તથા જામ ખંભાળીયા સાહેદ ભીખાભાઇ નાથાભાઇ ધામેચાના ઘરે લઇ જઇ, ત્યાં ભોગ–બનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી, સંભોગ બળાત્કાર કરી, તેણીની જાતીય સતામણી કરી ત્રણ માસનો ગર્ભ રાખી દઇ ગુનો કરેલ હોવાની ફરીયાદ બાંટવા પોલીસ સ્ટેશનમાં આપતા, બાંટવા પોલીસે સદર ગુનો ગુ.ર.નં. ૧૧૨૦૩૦૦૬૨૪૦૦૦૧/૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદના અનુસંધાને બાંટવા પોલીસ સ્ટેશન તરફથી સદર ગુનાની ફરીયાદ દાખલ કર્યા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ હાથ ધરેલી અને તપાસ દરમ્યાન આરોપી સામે ઉપરોકત મુજબના ગુના બનવા પામતા હોય આરોપીને અટક કરી, તેઓની વિરુધ્ધ કાયદેસરની પોલીસ તપાસ દરમ્યાન પુરતા પુરાવા જણાય આવતા અત્રેની ખાસ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરતા તેને જરૂરી કાર્યવાહીને અંતે ઉપરોકત કેસ નંબરથી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપી સામેનો હાલનો કેસ અત્રેની કોર્ટ સમક્ષ ચાલવા માટે આવતા અને આરોપી તેઓના વિ.વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થતા, આરોપી વિરુધ્ધ આંક-૧૨ થી તહોમતનામુ ફરમાવી, વાંચી, સંભળાવી સમજાવી આંક-૧૩ થી આરોપીનો જવાબ નોંધતા આરોપીએ ગુનો કબુલ નથી, જેથી તેઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) **નમુના-ક** માં જણાવ્યાં મુજબનો રજુ થયેલ પુરાવો લક્ષમાં લેતા તેમજ વિ.એડી.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરતા ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નીવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના તમામ પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો અને બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રીની વિગતવાર મૌખિક દલીલો સાંભળવામાં આવી. જેમાં એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટ મુજબના ગુના પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલાં છે, જે તમામ દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષ ધ્વારા પુરવાર કરી આંકે પડાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે,

આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોકત પુરાવાથી પુરવાર કરેલ હોય અને બચાવપક્ષે તેની વિરુધ્ધના અનુમાનનું ખંડન કરેલ નથી, જેથી ફરીયાદપક્ષે તેનો કેસ શંકારહીત પુરવાર કરેલ હોય, આરોપીને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

(૬) આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપી સામેના આક્ષેપીત ગુના શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય આાેપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૭) બંન્ને પક્ષકારોના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા અને બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમા લેતા આ કેસના ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## – મુદાઓ –

(૧) શું ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરે છે કે, આ કામના ભોગ–બનનાર તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ સગીર વયની ઉંમરના હતાં ?

(૨) શું ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૩૧/૧૨/૨૦૨૩ ના કલાક ૧૩.૦૦ થી કલાક ૧૪.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ–બનનાર ઉ.વ. ૧૭ વર્ષ ૧–માસ (જન્મ તા.૧૬/૧૧/૨૦૦૬) વાળીને બાંટવા બસ સ્ટેશન ખાતે બોલાવી, લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઇરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, રાજકોટ સાહેદ કાન્તીભાઇ બીજલભાઇ ચાવડાના ઘરે તથા જામ ખંભાળીયા સાહેદ ભીખાભાઇ નાથાભાઇ ધામેચાના ઘરે લઇ જઇ, ત્યાં ભોગ–બનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી, સંભોગ બળાત્કાર કરી, તેણીની જાતીય સતામણી કરી ત્રણ માસનો ગર્ભ રાખી દઇ અને તેમ કરીને આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–

૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ−૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

## − નિ ર્ણ યો −

મુદ્દા નં. ૧ હકારમાં.

મુદ્દા નં. ૨ નકારમાં.

મુદ્દા નં. ૩ આખરી હુકમ મુજબ.

## − કા ર ણો −

### નિર્ણયના કારણો :

(૯) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે સંભવિતતાના સિધ્ધાંત મુજબ સાબીત કરવાની હોય છે. એ સ્થાપિત છે કે, ફરીયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. હવે ઉપરોકત કાયદાની સ્થાપિત આ કોર્ટ જયારે પોકસો એકટના કાયદા અન્વયે સ્થાપિત થયેલ સ્પેશ્યલ કોર્ટ તરીકે પોકસો એકટ અન્વયેના ગુન્હાની ટ્રાયલ હાથ ધરે લ હોય ત્યારે સૌપ્રથમ એ જોવાનુ રહે છે કે આક્ષેપીત ગુના વખતે ભોગ બનનાર પોકસો એકટની કલમ−૨ (૧)(ડી) મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળક હતા કે કેમ? સદરહુ મુદ્દાઓની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો

વંચાણે લઈએ તો સદરહુ ગુનાના કામે આરોપી સામે પોક્સો એક્ટની જોગવાઈઓ મુજબના ગુનાઓના આક્ષેપો હોય બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી કે કેમ તે જોવુ આવશ્યક છે. આ તબકકે **સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. અનુપસીંઘ (૨૦૧૫) ૭ એસ.સી.સી., ૭૭૩** નો ચૂકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે . સદર ચૂકાદામાં નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નિર્ણિત કરતી વખતે **જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩)** ની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે . વધુમાં, નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા **મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર – ૨૦૧૩ (૧૪) એસ.સી.સી., ૬૩૭** ના ચૂકાદામાં તથા **જર્નેલ સીંઘ વિ. સ્ટે ટ ઓફ હરીયાણા –જજમેન્ટ ૨૦૧૩ (૭) એસ.સી.સી., ૨૬૩** ના ચૂકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે , બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩) લાગુ પડે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઈ શકાય. જેથી ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩) ની જોગવાઈ ધ્યાને લેવી જરુરી છે , જે નીચે મુજબ છે ::

"12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining--

(a) (i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than aplay school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a)

above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

(૧૦) ઉપરોકત જોગવાઈ તથા ચુકાદાઓ ધ્યાને રાખી ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પૈકી ફરીયાદપક્ષે ભોગ-બનનાર બનાવ વખતે સગીર વયની હતી તે પુરવાર કરવા માટે તપાસેલ સાહેદો પૈકી સૌપ્રથમ સાહેદ નં. ૧ તરીકે ભોગ-બનનારની આંક-૧૫ થી જુબાની થયેલ છે અને તેમાં તેણીએ જણાવેલ છે કે, તેની જન્મ તા.૧૬/૧૧/૨૦૦૬ છે. તેણીએ માણાવદર તાલુકાના એકલેરા પ્રાથમીક શાળામાં અભ્યાસ કરેલ છે. તેણીની જુબાની દરમ્યાન અદાલતના રેકર્ડમાંથી તેણીએ નીચેની કોર્ટમાં સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબનું નીવેદન આપેલ તે આંક-૧૬ થી રજુ થયેલ છે તે બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે, સદર નીવેદનની હકીકત જોતા તેણીને નીવેદન આપવું નથી તેમ જાહેર કરેલ હોવાનું જણાય આવે છે. વધુમાં સદર કામે સાહેદ નં. ૨ ફરીયાદીનો પુરાવો જોઈએ તો તેઓને આંક-૧૭ થી તપાસેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેના પરીવારમાં તેના પતિનું કેન્સરની બીમારીના કારણે અવસાન થયેલ છે, તેણીને બે પુત્રી તથા એક પુત્ર છે, તેણીએ આ કામે વિશાલ સામે ફરીયાદ આપેલ છે, જેતે વખતે ભોગ બનનાર ઘરેથી જાણ કર્યા વગર ચાલી ગયેલ હોય અને મળી આવતી ન હોય જેથી તે અંગેની જાણ પોલીસમાં કરેલ હતી. ભોગ-બનનારની જન્મ તા.૧૬/૧૧/૨૦૦૬ છે તેમ જણાવેલ છે. વધુમાં સદર ફરીયાદીએ આંક-૧૮ થી ફરીયાદ રજુ કરેલ છે અને તેમાં પણ તેમની ભોગ-બનનાર દીકરીની

ઉંમર ૧૭ વર્ષ અને ૧–માસ હોવાનું અને જન્મ તા.૧૬/૧૧/૨૦૦૬ ની હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે આંક–૨૦ થી એકલેરા પ્રાથમીક શાળા, તા.માણાવદર, જી.જુનાગઢનાએ આપેલ જન્મતારીખનો દાખલો રજુ થયેલ છે, જે વંચાણે લેતા તેમાં ભોગ–બનનારનું નામ, જન્મતારીખ તથા જન્મ સ્થળ જણાવેલ છે અને સદર દાખલો શાળાના રેકર્ડ પરથી ખરાઈ કરીને આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. આ કામે કહેવાતો બનાવ તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ બનેલ છે ત્યારે બનાવ સમયે ભોગ–બનનારની ઉંમર ૧૭ વર્ષ, ૧–માસ અને ૧૫–દિવસની હોવાનું જણાય આવે છે. ભોગ–બનનારની ઉંમર સબંધે બચાવપક્ષે કોઈ તકરાર લીધેલ નથી ત્યારે રજુ પુરાવાથી બનાવ સમયે ભોગ–બનનાર ૧૭ વર્ષ, ૧–માસ અને ૧૫–દિવસની ઉંમરની હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે, ત્યારે બનાવ સમયે ભોગ–બનનાર સગીર વયની ઉંમરના હતાં તેવું રેકર્ડ ઉપર પુરવાર થાય છે, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચા ::</u>**

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આ કામના આરોપી સામે એવો આક્ષેપ મુકવામાં આવેલ છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૩૧/૧૨/૨૦૨૩ ના કલાક ૧૩.૦૦ થી કલાક ૧૪.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ–બનનાર ઉ.વ. ૧૭ વર્ષ ૧–માસ (જન્મ તા.૧૬/૧૧/૨૦૦૬) વાળીને બાંટવા બસ સ્ટેશન ખાતે બોલાવી, લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, રાજકોટ સાહેદ કાન્તીભાઈ બીજલભાઈ ચાવડાના ઘરે તથા જામ ખંભાળીયા સાહેદ ભીખાભાઈ નાથાભાઈ ધામેચાના ઘરે લઈ જઈ, ત્યાં ભોગ–બનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી, સંભોગ બળાત્કાર કરી, તેણીની જાતીય સતામણી કરી ત્રણ માસનો ગર્ભ રાખી દઈ ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને સદર હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો આ કામના મુળ ફરીયાદી એસ.પી. સોલંકીની આંક–૧૭ થી જુબાની થયેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે

કે, તેના પરીવારમાં તેના પતિનું કેન્સરની બીમારીના કારણે અવસાન થયેલ છે, તેણીને બે પુત્રી તથા એક પુત્ર છે, તેણીએ આ કામે વિશાલ સામે ફરીયાદ આપેલ છે, જેતે વખતે ભોગ બનનાર ઘરેથી જાણ કર્યા વગર ચાલી ગયેલ હોય અને મળી આવતી ન હોય જેથી તે અંગેની જાણ પોલીસમાં કરેલ હતી. તેમની ભોગ-બનનાર પુત્રીએ વિશાલ સાથે રાજયીખુશીથી લગ્ન કરી લીધેલ છે તે હકીકત તેણીએ પોલીસમાં જાણ કર્યા બાદ તેની પુત્રીએ તેમને જણાવેલ હતી, ભોગ-બનનારે તેઓને જાણ કર્યા વગર લગ્ન કરવાનું પગલુ ભરેલ હોય તેનો અણગમો હોવાના કારણે મનદુ:ખ રાખીને ફરીયાદ આપવામાં આવેલ હતી. સદર ફરીયાદીને કોર્ટ રેકર્ડમાંથી અસલ ફરીયાદ બતાવતા તેમાં પોતાના અંગુઠાનું નીશાન ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક-૧૮ થી રજુ થયેલ છે. તેણી ફરીયાદ આપવા ગયેલ ત્યારે તેની સાથે તેના જમાઈ હરેશ બથવાર સાથે આવેલ હતાં. ભોગ-બનનારે સ્વેચ્છાએ તેમનું ઘર છોડીને વિશાલની સાથે લગ્ન કરેલ હતા, હાલ ભોગ-બનનાર વિશાલ સાથે તેની પત્ની તરીકે રહે છે અને વિશાલ સાથેના લગ્ન જીવનથી ભોગ-બનનારને એક પુત્રનો જન્મ થયેલ છે. ભોગ-બનનારની જન્મ તા.૧૬/૧૧/૨૦૦૬ છે તેમજ તેના પુત્રની જન્મ તા.૨/૧૦/૨૦૨૫ છે વિગેરે હકીકત સરતપાસમાં જણાવેલ છે. સદર ફરીયાદી તેની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી, વિ.એડી.પી.પી.શ્રી ધ્વારા સદર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટતપાસ કરવા છતા ફરીયાદ વાળા બનાવની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદર ફરીયાદીની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે ભોગ-બનનારને વિશાલ સાથે પ્રેમસબંધ હતો, ભોગ-બનનાર સાથે કોઈ જોરજબરજસ્તી કરવામાં આવેલ હોય કે તેણીને કયાંય તેણીની ઈચ્છા વિરુધ્ધ લઈ જવામાં આવેલ હોય કે તેની સાથે શારીરિક હીંસાનો કોઈ બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત ભોગ-બનનારે તેમને જણાવેલ નથી તેવી સઘળી હકીકતોનો સ્વીકાર કરેલ છે. આમ, સદર ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર ફરીયાદીએ તેની ફરીયાદમાં જણાવ્યા મુજબ તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ બપોરે જમીને સુતા હતા અને તેમની ભોગ-બનનાર દીકરી ઘરકામ કરતી

હતી, બાદ તેણી બે વાગ્યે ઉઠીને ભોગ–બનનારને ઘરમાં બોલાવતા તે મળેલ નહી, જેથી તેણીએ તેના પિતાને પુછતા જણાવેલ કે, તેઓ જમીને આરામ કરતા હતા અને ભોગ–બનનાર તેને પુછીને કયાંય ગયેલો નથી અને કહેલ કે, ગામમાં ગઈ હશે હમણા આવી જશે, જેથી થોડીવાર થતા ભોગ–બનનાર આવેલ નહી, જેથી આજુબાજુ તપાસ કરતા કાંઈ જાણવા મળેલ નહી, બાદ સગા વ્હાલાને તથા તેમના જમાઈ હરેશભાઈને ફોન કરી ભોગ–બનનાર ઘરે નહી હોવાની વાત કરેલ હતી અને શોધખોળ કરતા મળી આવેલ નહી, તેઓ છેલ્લા બે વર્ષથી લગ્નની સીઝન હોય ત્યારે ઉપલેટા કેટરસમાં તેણી તથા ભોગ–બનનાર મજુરી અર્થે જતા હતા અને ત્યાં તેની દીકરી વિશાલ પરમાર નામના છોકરા સાથે વાતચીત કરતી હોવાની તેમને અગાઉ જાણ થયેલ હતી, જેથી ભોગ–બનનારને આ વિશાલ સાથે વાત નહી કરવા બાબતે સમજાવેલ હતી, જેથી તેણીએ કહેલ કે, મમ્મી હવે હું વિશાલ સાથે વાત કરતી નથી અને તે પણ મને કોઈ મેસેજ કે વાત કરતો નથી, જેથી તેમની દીકરી ઘરેથી કોઈને કાંઈ કહયા વગર જતી રહેતા તેઓને આ વિશાલ પર શક પડેલ હોય જેથી તેમના જમાઈએ ઉપલેટા કેટરસમાં આ વિશાલ બાબતે પુછતા તે ધરારનગર જુનાગઢનો રહેવાસી હોવાનું જાણવા મળેલ અને તેમના ઘરે તપાસ કરાવતા વિશાલ તેના ઘરે હાજર નહી હોવાનું જાણવા મળેલ, જેથી તેમને થયેલ કે, તેની દીકરી બે ત્રણ દિવસમાં મળી જશે પરંતુ તેમની દીકરીની કોઈ જાણ નહી થતા અને શોધખોળ કરતા મળી આવેલ નહી જેથી આ કામના આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલાની હકીકત જણાવેલ છે. જયારે આવી કોઈ હકીકત ફરીયાદીએ તેની જુબાનીમાં જણાવેલ નથી. જો કે, ફરીયાદીએ તેની સરતપાસમાં ભોગ–બનનારે તેઓને જાણ કર્યા વગર લગ્ન કરવાનું પગલુ ભરેલ હોય તેનો અણગમો હોવાના કારણે મનદુ:ખ રાખીને ફરીયાદન આપેલ હોવાનું જણાવેલ છે. વધુમાં ભોગ–બનનારે આ કામના આરોપી સાથે લગ્ન કરી લીધેલ છે અને તેમના લગ્નજીવનથી એક પુત્ર જન્મ થયેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે ભોગ–બનનાર સાથે કોઈ જોરજબરજસ્તી કરવામાં આવેલ હોય કે તેણીને કયાંય તેણીની ઈચ્છા વિરુધ્ધ લઈ જવામાં આવેલ હોય કે તેની સાથે શારીરીક હિંસાનો કોઈ બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત ભોગ–બનનારે તેમને જણાવેલ હોય તેવી પણ

કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી જેથી પણ સદર ફરીયાદીનો પુરાવો કેસ પુરવાર કરવામાં મદદરૂપ થાય તેમ નથી.

**(૧૨)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે ભોગ–બનનારની આંક–૧૫ થી જુબાની લીધેલ છે. સદર ભોગ–બનનારે તેની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેણી તેના પરીવારમાં તેના પિતાજીનું કેન્સરની બીમારીના કારણે અવસાન થયેલ છે, તેણી બે બહેનો તથા એક ભાઇ છે, હાલના કામે તેની માતાએ વિશાલ સામે ફરીયાદ આપેલ છે, તેણીએ વિશાલ સાથે રાજીખુશીથી લગ્ન કરી લીધેલ છે, જેતે વખતે તેમના પરીવારજનોને વિશાલ સાથેના તેણીના લગ્નનો અણગમો હોવાના કારણે મનદુ:ખ રાખીને ફરીયાદ આપવામાં આવેલ હતી. તેણીએ તેની સ્વેચ્છાએ તેમનું ઘર છોડીને વિશાલની સાથે લગ્ન કરેલ હતાં. તેણીની સાથે કયારેય કોઇ બનાવ બનેલ નથી કે તેની સાથે કોઇ શરીર સબંધ બાંધવામાં આવેલ હોય તેવું બનેલ નથી. હાલ તેણી વિશાલ સાથે તેની પત્ની તરીકે રહે છે અને વિશાલ સાથેના લગ્ન જીવનથી તેમને એક પુત્રનો જન્મ થયેલ છે. તેમની જન્મ તા.૧૬/૧૧/૨૦૦૬ છે, તેના પુત્રની જન્મ તા.૨/૧૦/૨૦૨૫ છે. તેણીએ માણાવદર તાલુકાના એકલેરા પ્રા.શાળામાં અભ્યાસ કરેલ છે. તેણીને પોલીસ સાથે કોઇ જગ્યાએ આવવા જવાનું થયેલ હોય તેવું બનેલ નથી. તેણીની મેડીકલ તપાસણી કરવામાં આવેલ હતી, જે દરમ્યાન નમુનાઓ લેવામાં આવેલ હતાં, તેમજ માણાવદર કોર્ટમાં જજ સાહેબે તેમની પુછપરછ કરેલી, જેમાં તેણી નીવેદન આપવા માંગતી નથી તેવું તેણીએ જણાવેલ હતું. સદર ભોગ–બનનારને કોર્ટ રેકર્ડમાંથી સીલબંધ કવર ખોલીને તેમાંથી નીકળેલ નીવેદન બતાવતા તે જોઇને જણાવે છે કે, તેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે જે નીવેદન આંક–૧૬ થી રજુ થયેલ છે. પોલીસે તેની પાસેથી બનાવ વખતે પહેરેલ હતા તે કપડા કબ્જે લીધેલ હતાં, જે તેઓને કોર્ટ સમક્ષ મુદામાલ આર્ટીકલ માર્ક એ, બી વાળા સીલબંધ બેગીમાં રહેલ કપડા ખોલીને બતાવતા તે કપડા તેમના હોવાનું ઓળખી બતાવે છે. સદર ભોગ–બનનાર ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય તેણીને હોસ્ટાઇલ જાહેર કરી, વિ.એડી.પી.પી.શ્રી દ્વારા તેણીની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ

સમગ્ર ઉલટતપાસ જોતા ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં સ્વીકાર કરેલ છે કે, તેમને વિશાલ સાથે પ્રેમસબંધ હતો, તેણીની સાથે કોઇ જોરજબરજસ્તી કરવામાં આવેલ નથી કે તેને કયાંય તેની ઇચ્છા વિરુધ્ધ લઇ જવામાં આવેલ નથી કે તેની સાથે શારીરિક હિંસાનો કોઇ બનાવ બનેલ ન હોવાની સઘળી હકીકતોનો સ્વીકાર કરેલ છે. આમ, સદર ભોગ-બનનાર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર ભોગ-બનનારે તેની સમગ્ર જુબાની દરમ્યાન આ કામના આરોપી ધ્વારા તેણીની સાથે કોઇ જોરજબરજસ્તી કરવામાં આવેલ હોય કે તેને કયાંય તેની ઇચ્છા વિરુધ્ધ લઇ જવામાં આવેલ હોય કે તેની સાથે શારીરિક હિંસાનો કોઇ બનાવ બનેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી. ઉલટ તેણીએ સ્વીકાર કરેલ છે કે, તેમને આરોપી વિશાલ સાથે પ્રેમસબંધ હતો અને તેણીએ સ્વેચ્છાએ તેનું ઘર છોડીને વિશાલ સાથે લગ્ન કરેલ હતાં, તેની સાથે કયારેય કોઇ બનાવ બનેલ નથી, તેની સાથે કોઇ શરીર સબંધ બાંધવામાં આવેલ હોય તેવું બનેલ નહી. આમ, સદર ભોગ-બનનારના પુરાવાથી પણ આરોપી સામે જે પ્રકારના આક્ષેપો મૂકવામાં આવેલ છે તે મુજબનો કોઇ બનાવ બનેલ હોય તેવો કોઇ પુરાવો ભોગ-બનનારે આપેલ ક્ષ્નથી, જેથી સદર સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવામાં મદદરૂપ થાય તેમ નથી.

**(૧૩)** સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ડો.જીજ્ઞેશ પ્રવિણભાઇ સામતાની આંક-૫૯ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું છેલ્લા તણ વર્ષથી સીએચસી માણાવદર ખાતે મેડી. ઓફીસર તરીકે મારી ફરજ બજાવુ છુ, ગઈ તા. ૨૮/૪/૨૫ ના રોજ હું મારી ફરજ પર હાજર હતો ત્યારે એ.એચ.ટી.યુ., જુનાગઢના પી.આઈશ્રી, ગગનીયા તરફથી બાંટવા પો.સ્ટે.ગુ.ર.નં. ૦૦૦૧/૨૦૨૪ ના કામના આરોપી વિશાલ જમનભાઈ પુરાણીની મેડીકલ તપાસણી કરવા અંગેની લેખીત યાદી સાથે આરોપીને અમારી સમક્ષ લાવવામા આવેલ હતી જે લેખીત યાદી આ કામે આંક-૨૬ થી રજુ છે, સદર દર્દીનું નામ પુછતા તેણે પોતાનું નામ વિશાલ ઉર્ફે લક્ષ

જમનાદાસ ત્રિકમદાસ પુરાણી રહે. આંબેડકરનગર, હનુમાન ચોકની બાજુમા, જુનાગઢ, ઉ.વ. ૨૬ વર્ષ, ૭ માસ, જ.તા. ૧૧/૦૯/૧૯૯૮, ધંધો–મજરી, ધર્મે–હિન્દ બાવાજી જણાવેલ હતુ અને સદર દર્દીને મેડી. તપાસણી અંગે સમજ કરવામા આવતા તેણે તપાસ અંગે સંમતી આપેલ અને મેડી. નમુના લેવા માટે મંજુરી આપેલ અને તે બદલ નિયમ નમુનાના ફોર્મમા તેના ડાબા તથા જમણા હાથના અંગઠાના નિશાન કરી આપેલ અને સદર દર્દીનો ફોટો નિયત નમુનાના ફોર્મમા લગાડવામા આવેલ હતો, સદર દર્દીના શરીર ઉપર ઓળખના ચિન્હોમા (૧) ગળાની ડાબી બાજુના ભાગ ઉપર અંગ્રેજીમાં 'લવ' નું ટેટ માર્ક તેમજ, જમણા હાથના પોચા ઉપર 'લાયન ફેસ' નું ટેટ માર્ક જોવામા આવેલ. સદર દર્દીની તપાસણી તા. ૨૯/૪/૨૫ ના રોજ રાતીના ૨.૪૫ કલાકે શરુ કરવામા આવેલ હતી અને આ દર્દીને પો.કોન્સ. પી.એ. બાલસ, બ.નં. ૧૧૯૯ બાંટવા પો.સ્ટે. વાળા લાવેલ હતા. સદર દર્દીએ મારા રુબરુ હીસ્ટી આપતા ગુજરાતી ભાષામા જણાવેલ હતુ કે, "હું તા. ૩૧/૧૨/૨૩ ના રોજ બપોરે એક થી બે વાગ્યા વચ્ચે બાંટવા ગામના હાઈવે રોડ ઉપરથી ભોગ બનનારને તેની મરજીથી મારી સાથે રાજકોટ વાવડી ગામે ગયા ત્યા એક – દોઢ મહીનો રોકાયા ત્યારબાદ ત્યાથી રાજકોટ આંબેડકર નગર બે મહીના જેટલુ રોકાયેલ ત્યારબાદ ભોગ બનનારને જામનગર મારા કાકા (મુળદાસ પ્રેમદાસ શ્રીમાળી) ના ઘરે મકી આવ્યો. મારા કાકાને ત્યા ભોગ બનનાર છ – સાત મહીના જેટલુ રોકાય ત્યારબાદ તેને મારી સાથે પાછો રાજકોટ લઈ આવ્યો. ત્યારબાદ દોઢેક મહીના રહયા બાદ પહેલી વખત ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાધ્યો ત્યારથી અત્યાર સુધીમા ચારેક વાર શરીર સંબંધ બાધ્યો, તે દરમીયાન તેને ગર્ભ રહી જતા અમે બંનેએ કોર્ટ મૅરેજ કરી લીધા, કોર્ટ મૅરેજની તારીખ યાદ નથી, ત્યારબાદ અઢી મહીના જેવું રાજકોટ રોકાયા ત્યાથી અમે બંને આજથી પંદર – વીસ દિવસ પહેલા જુનાગઢ, આંબેડકર નગર આવી ગયા. ત્યારબાદ પોલીસે મારી ધરપકડ કરી." દર્દીએ આપેલ હીસ્ટી મે મારા રીપોર્ટમા લખી દર્દીને વાંચી સંભળાવેલ હતી. દરેક શારીરીક સંબંધ પછી દર્દીએ સ્નાન કરેલ ન હતુ અને કપડા પણ બદલેલ ન હતા તેમજ, શારીરીક સંબંધ બાંધતી વખતે કે પછી કોઈપણ પ્રકારના નશાકારક પદાર્થનું સેવન કરેલ ન હતુ, એક વખત કોન્ડમનો

ઉપયોગ કરેલ હતો, ત્યારબાદ બીજા શારીરીક સંબંધ વખતે કોન્ડમનો ઉપયોગ કરેલ ન હતો, દરેક શારીરીક સંબંધ સુતા સુતા કરેલ હતો. દર્દી ભોગ બનનારને છેલ્લા ચાર વર્ષથી ઓળખતા હતા., સદર દર્દીના શરીર ઉપર પ્રતિકાર કરેલ અંગેના કોઈ ચિન્હો જોવામા આવેલ ન હતા, દર્દીના કપડા પોલીસે કબજે લીધેલા હતા, સદર દર્દી સામાન્ય બાંધાના હતા અને તેનું રકત દબાણ, ધબકારા વિગેરે સામાન્ય જણાવેલ હતુ અને તેના શરીર ઉપર બગલના વાળ, મુછ અને ગુપ્તભાગના વાળની હાજરી નોંધાયેલ હતી અને તેના દાંતની તપાસ કરતા સામાન્ય જણાયેલ હતા, સદર દર્દીના ગુપ્તભાગે તપાસ કરતા કોઈ બાહ્ય કે આંતરીક ઈજાઓ જોવામા આવેલ ન હતી, સદર દર્દીની તપાસણી દરમ્યાન નમુના કબજે લેવામાં આવેલા હતાં. નમુનાઓ કબજે કરી તેને નિયમાનુસાર સીલબંધ કરી તેમા સીલના નમુનાઓના નિશાન કરી લેખીત યાદી સાથે સંબંધીત પો.સ્ટે. તરફ રવાના કરવામા આવેલા જે લેખીત યાદી આંક-૬૧ થી રજુ કરેલ છે તેમજ સદર દર્દીના મેડી. તપાસણીના અંતે મે મારો અભિપ્રાય આપેલ અને મારા અભિપ્રાય મુજબ સદર દર્દી શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ હતા અને તેમણે શારીરીક સંબંધ બાંધેલ હોવાની શકયતાઓ નકારી શકાય તેમ ન હતી, સદર દર્દીએ શારીરીક સંબંધ બાધ્યા અંગેનો ચોકકસ અભિપ્રાય ફોરેન્સીક અહેવાલ મળ્યા બાદ આપી શકાય તેમ હતો. સદર દર્દીની મેડી. તપાસણી કર્યા બાદ મે નિયમ નમુનાનુ સર્ટી આપેલ હતુ જે સર્ટી આ કામે આંક- ૨૭ થી રજુ થયેલ છે તે જ છે તથા આંક- ૨૮ થી તપાસણી દરમ્યાન આરોપીનો લેબો. ટેસ્ટ કરવામા આવેલ જે અંગેનો રીપોર્ટ મેળવીને મે મારા સર્ટી સાથે સામેલ રાખેલ હતો તેજ છે, સદર દર્દીની તપાસણી સબંધેના એમ.એલ.સી. કેસ પેપર્સ નં. ૩૪૫/૨૫ તેઓ સાથે લાવેલ છે અને આંક-૬૦ થી રજુ કરેલ છે. સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને જયારે તેમની પાસે લઈ આવેલ ત્યારે તે પોલીસ કસ્ટડીમાં હતાં, આરોપીની શારીરિક સ્થીતી જોતા આંતરીક તથા બાહ્ય ઈજાઓ જણાયેલ ન હતી. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ આ કામના આરોપીની મેડીકલ તપાસણી કરેલી છે અને નમુના કબ્જે લીધેલ છે અને તેની શારીરિક તપાસણી દરમ્યાન કોઇ બાહ્ય કે આંતરીક ઈજા જોવા મળેલ

ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જો કે, આ કામના ભોગ–બનનારે પણ આ કામના આરોપી ધ્વારા તેમની સાથે કોઇ બળજબરીપુર્વક શારીરિક સબંધ બાંધેલ હોય કે ફોર્સફુલી સબંધ બાંધેલ હોય તેવી કોઇ જ હકીકતને સમર્થન કરેલ નથી, જેથી પણ સદર સાહેદના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૪)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ડો.રાજન બાલુભાઈ ભાદરકાની આંક–૬૯ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું સને ૨૦૨૩ થી સિવિલ હોસ્પીટલ, જુનાગઢ ખાતે મેડી. ઓફીસર તરીકે મારી ફરજ બજાવ છુ, ગઈ તા. ૨૯/૪/૨૫ ના રોજ હું મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન બાંટવા પો.સ્ટે. ગુ.ર.નં ૦૦૦૧/૨૪ ના કામે ભોગ બનનારની મેડી. તપાસણી પો.કોન્સ. લક્ષ્મીબેન તેણીને લેખીત યાદી સાથે કરંગીયા બ.નં. ૭૯૫ વાળા મારી પાસે લાવેલા હતા, જે અસલ લેખીત યાદી આંક–૩૦ થી રજુ કરેલ છે. સદર ભોગ બનનારને પુછતા પોતે પોતાનુ નામ અને પિતાનુ નામ જણાવેલ હતુ અને તેણી જુનાગઢ આંબેડકર નગરની રહેવાસી હોવાનું અને તેણીની જન્મ તારીખ – ૧૬/૧૧/૦૬, ઉ.વ. ૧૮ વર્ષ અને ૫ માસ જણાવેલ હતી, તેણીને અમારી હોસ્પીટલે તા.૨૯/૪/૨૫ ના રોજ સવારના ૧૧.૫૮ કલાકે લાવવવામા આવેલ હતી તેણીનું મેડી. પરીક્ષણ કરતા પહેલા તેણીને તે અંગેની સમજ કરવામા આવેલ હતી અને તેણીએ સંમતિ આપ્યા બાદ બપોરના ૧.૧૦ કલાકે મેડી. તપાસણી શરુ કરવામા આવેલ હતી તેમજ તેણીએ સંમતી બદલ મારી સમક્ષ તેણીની સહી તથા અંગુઠાનું નિશાન જ કરી આપેલ હતુ. સદર દર્દી સ્થળ, સમય અને વ્યકિતની બાબતમા સભાન હતા અને તેણીને કોઈ ડીસેબીલીટી ન હતી, તેણીના શરીર ઉપર ઓળખના ચિન્હોમા (૧) લીલા અક્ષરમા અંગ્રેજીમા ''મીસ યુ પાપા જમણા હાથના આગળના ભાગે લખેલ હતુ. (૨) લીલા અક્ષરમા અંગ્રેજીમા પી.વી. જમણા હાથના અંગુઠાના મુળ પાસે લખેલ હતુ. વધુમાં તેઓએ ભોગ–બનનાનરની તપાસણી દરમ્યાન માસીકની સાયકલ બાબતે પુછપરછ કરેલી અને તેણીને છેલ્રુ માસીક તા. ૧૮/૦૧/૨૫ ના રોજ આવેલ હતુ અને છેલ્લી વખતના બનાવ દરમ્યાન અવરોધનો ઉપયોગ કરેલ ન હતો પરંતુ ઘણી

વખત પુરુષ કોન્ડોમનો ઉપયોગ કરેલ હતો, તેમણે હાલ ન માસીક ન આવતા તેવી હીસ્ટી આપેલ તથા તા. ૨૯/૪/૨૫ ના યુપીટીનો રીપોર્ટ પોઝીટીવ આવેલ હતો, ગાયનેક રેફરન્સ પ્રમાણે તપાસણી તા. ૨૯/૪/૨૫ ના રોજ તેમણે ૧૫ અઠવાડીયા તથા ૫ દિવસનો ગર્ભ હોવાનુ જણાવેલ. સાહેદ વધુમાં જણાવે છે કે, તેણીએ અમારી સમક્ષ જણાવેલ હતુ કે, આશરે છેલ્લા દોઢ વર્ષથી જુદી જુદી જગ્યાએ રાજકોટ ભાડે રુમ રાખીને રહેલ હતા ત્યા તથા જુનાગઢ છોકરાના ઘરે ઘણી વખત (૧૦ થી ૧૫ વખત) સંબંધ બાંધેલ, તેણે વિશાલભાઈ જમનાદાસ પુરાણી નામના એક જ વ્યકિત સાથે બનાવ બનેલ હતો. આરોપીની ઉમર ૨૨ વર્ષની હોવાનું જણાવેલ હત અને તે તેણીની સાથે કામ કરતો હોવાનુ જણાવેલ હતુ, તેણીએ મારી સમક્ષ જાતે હીસ્ટી આપતા જણાવેલ હતુ કે, "હું ધોરાજી કેટરસમા છોકરા સાથે કામ કરતી હતી ત્યારે તેના પરીચયમા આવેલ છેલ્લા ત્રણ વર્ષથી આજથી આશરે દોઢેક વર્ષ પહેલા અમે બંને બંનેનીની મરજીથી બાટવાથી રાજકોટ ભાગી ગયેલ. રાજકોટમા અમે રુમ ભાડે રાખીને રહેલ, આશરે ૧૫ દિવસ પહેલા અમે જુનાગઢ આવ્યા, જુનાગઢ હુ છોકરાના ઘરે ધરાનગર રહેલ, રાજકોટ અને જુનાગઢ રહયા એ સમય દરમ્યાન અમે આશરે ૧૦ થી ૧૫ વાર બંનેની મરજીથી શારીરીક સંબંધ બાંધેલ, છેલ્લી વખત શારીરીક ચારેક દિવસ પહેલા બંનેની મરજીથી જુનાગઢ છોકરાના ઘરે બાંધેલ, છેલ્લા શારીરીક સંબંધ દરમ્યાન કોઈ અવરોધનો ઉપયોગ કરેલ નથી" સદર દર્દીએ લખાવ્યા મુજબની હીસ્ટી મે મારા હસ્તાક્ષરમા નિયત નમુનાના ફોર્મમા નોંધેલ હતી. સદર દર્દીની તપાસણી કરતા તેણીને બાહય કે આંતરીક ઈજાના નિશાનો જોવા મળેલ ન હતા અને તેણીએ તેની સાથે જાતીય હીંસા થયેલ હોવાની ના પાડેલ હતી તથા તેની કોઈ બળજબરી, હથીયારનો ઉપયોગ કે નશીલા દવાનો પ્રયોગ કરવામા આવેલ ન હતો. તેણીએ બનાવ બાદ બનાવ વખતે પહેરેલા કપડા તથા આંતર વસ્ત્રો બદલી નાખેલ હતા તથા તેણીએ સ્નાન કરેલ હતુ અને યુરીન અને સ્ટુલ પાસ કરેલા હતા અને તેણીએ કોગળા કરેલા હતા, તેણી સાથે છેલ્લો બનાવ ચાર દિવસ પહેલા બનેલ હતો, તેના ધબકારા, રકતદબાણ વિગેર સામાન્ય હતા, તેણીએ તપાસણી દરમ્યાન જણાવેલ હતુ કે, શારીરીક સંબંધ દરમ્યાન અમુક વખત વીર્યનો નિકાલ

શરીરની અંદર યોનીના ભાગમા થયેલો હતો તથા બાકીની વખતે જમીન ઉપર થયેલ હતો, તેણીએ જણાવેલ હતુ કે તેણીએ મોઢા દવારા કીસ કરેલ હતી. તેણીના ગાયનેક પરીક્ષણની વિગતે ઉપરના ભાગે પેટની તપાસ કરતા ૧૪ થી ૧૬ અઠવાડીયાનો યુટેરીયન સેક જોવા મળેલ તથા પર વુલ્વલ તપાસ કરતા તેણીને બે થી ત્રણ એમ.એમ. જેટલા પ્યુબીક હેર જોવા મળેલ તથા જુનુ રુજાયેલ હાયમેનીયન ટીયર જોવા મળેલ અને તેણીને કોઈ બાહય ઈજાઓ જોવા મળેલ ન હતી, તેણીના કપડા પોલીસે કબજે કરેલા હતા. વધુમાં જણાવે છે કે, ભોગ–બ્નનારની મેડીકલ તપાસણી દરમ્યાન તેઓએ જે નમુના લીધેલા તે નિયમોનુસાર સીલબંધ કરીને લેખીત યાદી સાથે એફએસએલમા મોકલવા સારુ સંબંધીત પો.સ્ટે.મારફત સોંપી આપેલા હતા જે અંગેની લેખીત યાદીની સ્થળપ્રત હું આજરોજ મારી સાથે લાવેલ છ જેમાં મારી હોસ્પીટલના સીલના નમુના તથા મારી સહી તથા મારા હોદાનુ બાંધણુ અને આ યાદી બ.નં. ૮૫૬ વાળા જયોતીબેન જયંતીભાઈ નામના પોલીસ કર્મચારીએ રીસીવ કર્યાનો શેરો જ તેમા કરેલ છે જે હું ઓળખી બતાવ છુ જે દા.આ. ૩૧ થી રજુ કરેલ છે તેમજ સદર દર્દીની તપાસણી કર્યા બાદ મેં મારો અભિપ્રાય આપેલ હતો જે મુજબ સદર દર્દી સાથે શારીરીક સંબંધ બંધાયાની શકયતા નકારી શકાતી નથી, તે મુજબનો અભિપ્રાય આપી મેં સારવાર સર્ટી નિયત નમુના મુજબ આપેલ હતુ જે આ આંક–૩૨ થી રજુ છે તે જ છે. સદર સાહેદ તેમની સાથે સદર દર્દીના તપાસણી દરમ્યાન તૈયાર કરવામા આવેલા એમ.એલ.સી. કેસ પેપર્સ, સોનોગ્રાફી રીપોર્ટ, પ્રેગનન્સી અંગેનો રીપોર્ટ, લેબ રીપોર્ટ અસલ મારી સાથે લાવેલ છુ જે કુલ પાના – ૮ મારી સાથે લાવેલ છુ જે રજુ કરુ છુ જેને સંયુકત આંક–૭૦ થી રજુ કરેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ–બ્નનારે લખાવ્યા મુજબ જ મેં હીસ્ટ્રી લખેલી. ભોગ–બનનાર સાથે બનાવ બનેલ તે અંગે તેણીએ તેના પતિનું નામ વિશાલ જણાવેલ હતું, તેણી સાથે તેણીની ઇચ્છા વિરુધ્ધનું કોઇ કૃત્ય થયેલ હોય તેવી કોઇ હકીકત તેણીએ તેમના રુબરુ જણાવેલ નથી વિગેરે હકીકતનો સ્વીકાર કરેલ છે. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદે ભોગ–બ્નનારની મેડીકલ તપાસણી કરેલી છે અને ભોગ–બનનારે તેમની સમક્ષ

આપેલ હીસ્ટ્રી જણાવેલ છે અને ભોગ–બ્નનારની શારીરિક તપાસણી દરમ્યયાન તેણીની સાથે શારીરિક સબંધ બંધાયાની શકયતા નકારેલ નથી પરંતુ આ કામે ભોગ–બનનારે તેના પુરાવામાં આ કામના આરોપી ધ્વારા તેમની સાથે કોઇ બળજબરીપુર્વક શારીરિક સબંધ બાંધેલ હોય કે ફોર્સફુલી સબંધ બાંધેલ હોય તેવી કોઇ જ હકીકતને સમર્થન કરેલ નથી, કહેવાતો બનાવ તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ બનેલ છે અને ભોગ–બનનારની મેડીકલ તપાસણી તા.૨૯/૪/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે અને જે પ્રેગનન્સી રહેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે તે તેણીએ લગ્ન કર્યા બાદની હોવાનું જણાય આવે છે જેથી પણ કહેવાતા બનાવ દરમ્યાન ભોગ–બનનાર પ્રેગનન્ટ થયેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, જેથી પણ સદર સાહેદના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ લખમણભાઇ દેવાભાઇ રાવલીયાની આંક–૬૬ થી જુબાની થયેલ છે, તેઓ એકલેરા પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને હાલ આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેઓએ આ કામના ભોગ–બનનારની જન્મ તારીખ સબંધે તેમની શાળામાં નીભાવવામાં આવતા વયપત્રક રજીસ્ટરના અનુ.નં. ૬૦૭ થી તા.૨૪/૧૧/૨૦૧૪ ના રોજ થયેલ નોંધના આધારે સર્ટીફીકેટ આપેલું, જે રજીસ્ટરના ઉતારાની ખરીનકલ આંક–૬૭ થી રજુ કરેલ છે અને આ કામે આંક–૨૦ વાળા જન્મના પ્રમાણપત્રમાં આચાર્ય મયુરભાઇ કનેરીયાની સહી ઓળખી બતાવે છે તે સ્વિાય વિશેષ કોઇ પુરાવો આપેલ નથી. જો કે, આ કામે ભોગ–બનનારની જન્મ તારીખ સબંધે બચાવપક્ષ ધ્વારા કોઇ તકરાર લેવામાં આવેલ નથી.

**(૧૬)** સદર કામે ફરીયાદપક્ષના સાહેદ નારાયણસિંહ લક્ષમણસિંહ પાંડોરની આંક–૭૨ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસ અધિક્ષક સાહેબ જુનાગઢના કમાંક/એમઓબી/ગુમ અપહરણ બાળકો/તપાસ/૩૮૦/૨૦૨૪, તા. ૭/૬/૨૪ ના હુકમ આધારે આગળની તપાસ પી.એસ.આઈ. ડી.એચ.વાળા બાંટવા પો.સ્ટે.નાઓ

પાસેથી સંભાળી લીધેલ, આ સમયગાળા દરમ્યામન હુ સીપીઆઈ જુનાગઢ તરીકે મારી ફરજ બજાવતો હતો અને મને એએચટીયુ શાખાનો વધારાનો ચાર્જ આપવામા આવેલ હતો અને તે ચાર્જના સમયગાળા દરમીયાન બાંટવા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૦૧/૨૪ ના કામે નોંધાયેલા ગુન્હાની તપાસ મે સંભાળેલી હતી અને મારા પુરોગામી તકઅશ્રી દવારા કરવામા આવેલા તપાસના કાગળોનો અભ્યાસ કરી આગળની તપાસ શરુ કરેલી હતી, મારી તપાસ દરમ્યાન મે આ કામના સાહેદો (૧) રાજનબેન હરેશભાઈ બથવારનું નિવેદન તા. ૨૧/૬/૨૪ ના રોજ તેણીના લખોવ્યા મુજબ નોંધી તેણીને વાંચી સંભળાવેલ હતુ અને તે નિવેદન સાહેદના લખાવ્યા મુજબ બરાબર હોય જેથી તે નિવેદન હેઠળ રુબરુપણા અંગે મે મારી સહી કરેલ હતી, તેમજ, મારી તપાસ દરમ્યાન બનાવમા વપરાયેલ મોબાઇલ નંબરની સીડીઆર / એસડીઆરની વિગતો મેળવવા માટે જરુરી યાદી કરેલી હતી, ત્યારબાદ મારી બદલી સી ડીવી. જુનાગઢ ખાતે થતા આગળની તપાસ અમારા અનુગામી તકઅ દવારા સંભાળવામા આવેલ હતી. સદર સાહેદની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ છે અને બનાવમાં વપરાયેલ મોબાઈલ નંબરની સીડીઆર /એસડીઆરની વિગતો મેળવવા યાદીઓ કરેલ છે તે સીવાય વિશેષ કોઇ કામગીરી કરેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૭)** સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ભાનુબેન મથુરભાઇ વાઘમસીની આંક–૭૩ થી જુબાની થયેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૫ મા હું જુનાગઢ મહીલા યુનીટ ખાતે પો.ઇન્સ. તરીકે મારી ફરજ બજાવતી હતી અને તે દરમ્યાન મને એએચટીયુ શાખાનો વધારાનો ચાર્જ આપવામા આવેલ હતો અને તે ચાર્જના સમયગાળા દરમીયાન બાંટવા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૦૧/૨૪ ના કામે નોંધાયેલા ગુન્હાની તપાસ મે સંભાળેલી હતી અને મારા પુરોગામી તકઅશ્રી દવારા કરવામા આવેલા તપાસના કાગળોનો અભ્યાસ કરી આગળની તપાસ શરુ કરેલી હતી, મારી તપાસ દરમ્યાન મે આ કામના સાહેદો (૧) કાંતીભાઇ બીજલભાઈ ચાવડા

તથા (૨) દેવુબેન કેશુભાઈ સોલંકીનું નિવેદન તા. ૦૩/૬/૨૫ ના રોજ તથા સાહેદ ભીખાભાઈ નાથાભાઈ ધામેચાનું નિવેદન તા. ૪/૬/૨૫ ના રોજ રોજ તેઓના લખાવ્યા મુજબ નોંધી તેણીને વાંચી સંભળાવેલ હતુ અને તે નિવેદન હેઠળ રુબરુપણા અંગે મે મારી સહી કરેલ હતી.મારી તપાસ દરમ્યાન ભોગ બનનાર સાથે બનાવ બનેલ તે ખંભાળીયા ગામે આવલા નાથાભાઇ છગનભાઇ ધામેચાના રહેણાક મકાનવાળી જગ્યાનું પંચનામું કરવાનુ હોય જેથી તે અંગે સરકારી પંચો મેળવવા માટે પીજીવીએસ કચેરી ખંભાળીયાને લેખીત યાદી કરેલ હતી જે યાદી આ કામે આંક–૫૧ થી રજુ છે તેજ છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ તેમજ સદર યાદીના આધારે પીજીવીસીએલ કચેરી તરફથી પંચોની ફાળવણી કરવા અંગેનો પત્ર અમોને આપવામાં આવેલ હતો જે અમોએ તપાસના કાગળો સાથે સામેલ રાખેલ હતો જે આ કામે આંક–૫૨ થી રજુ છે તેજ છે તેમજ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરતી વખતે એફએસએલ અધિ.શ્રી હાજરીની જરુરીયાત હોય જેથી તેઓને પધારવા માટે યાદી કરેલ હતી જે યાદી આ કામે આંક–૪૯ થી રજુ છે તેજ છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છું, ત્યારબાદ આ કામના ભોગ બનનાર સદર બનાવવાળિ જગ્યા બતાવતા હોય જેથી તે અંગેનું પંચનામુ તટસ્થ પંચો (૧) મૈત્રી કેયુર રાજપુરા (૨) દિપીકા રામભાઈ જાદવની હાજરીમા તેઓના લખાવ્યા મુજબ કરવામાં આવેલ જે પંચનામુ આ કામે આંક–૪૭ થી રજુ છે તેજ છે જેમા મારી તથા પંચોની સહીઓ છે જે ઓળખી બતાવુ છુ, તેમજ, આ પંચનામા વખતે ઈ–સાક્ષ્ય મુજબની કાર્યવાહી કરવામા આવેલ હોય જેથી તે અંગેના હેઝ વેલ્યુના પ્રમાણપત્ર તથા કલમ – ૬૩(૪)(સી) –મુજબના સર્ટી. તૈયાર કરવામાં આવેલ અને તપાસના કામે સામેલ રાખેલ જે આ કામે આંક–૪૮ થી રજુ છે તેજ છે જેમા મારી સહી તથા મારો ફોટો છે જે ઓળખી બતાવુ છુ તેમજ, પંચનામા વખતે એફએસએલ અધિ.શ્રી એ.કે.વરુ હાજર રહેલા હોય અને તેમણે તે વખતે તૈયાર કરેલ સ્થળપરીક્ષણ અહેવાલ અમોને સોપેલ હોય જે અમોએ તપાસના કાગળો સાથે સામેલ રાખેલ જે આ કામે આંક–૫૦ થી રજુ છે તેજ છે જે રીસીવ કરયા અંગે તેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ, ત્યારબાદ આ કામની આગળની તપાસ અમારા અનુગામી અધિ.શ્રી ગઢવી સાહેબે તથા ગગનીયા

સાહેબે કરેલી હતી તેમ જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષે જે ઉલટતપાસ થયેલ છે તે ડીનાઇલ સ્વરૂપની થયેલ છે. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ તપાસ દરમ્યાન સાહેદોના નીવેદનો લીધેલાં, યાદીઓ કરેલી, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને એફ.એસ.એલ. સ્થળ પરીક્ષણ અહેવાલ કામમાં સામેલ રાખેલ તે સિવાય વિશેષ કોઈ કામગીરી કરેલ નથી.

(૧૮) સદર કામે ફરીયાદપક્ષના સાહેદ હર્ષાબેન પાબુદાન ગઢવીની આંક–૮૦ થી જુબાની થયેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૫ મા હુ મહીલા પો.સ્ટે. જુનાગઢ ખાતે પી.આઇ. તરીકે મારી ફરજ બજાવતી હતી અને એ.એચ.ટી.યુ. જુનાગઢના પી.આઇ. તરીકે શ્રી ગગનીયા ફરજ બજાવતા હતા અને તેઓ રજા ઉપર ગયેલા હોય તેથી તેમનો વધારાનો ચાર્જ મને સોપવામા આવેલ હતો તે દરમ્યાન બાંટવા પો.સ્ટે.ગુ.ર.નં. ૦૦૦૧ / ૨૪ ના ગુન્હાની તપાસ મને મળેલ હતી જે મે સંભાળેલી હતી અને મને મળેલા તપાસના કાગળોનો અભ્યાસ કરીને આગળની તપાસ શરુ કરેલી હતી, મારી તપાસ દરમ્યાન મે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ નોંધીને તેઓને વાંચી સંભળાવેલ અને તે બરાબર હોવાનુ સાહેદોને જણાવતા મે રુબરુપણા અંગે મે મારી સહી કરેલી હતી. વધુમાં જણાવે છે કે, મારી તપાસ દરમ્યાન આ કામના ભોગ બનનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કરવા અંગેની જરુરી કાર્યવાહી કરવામા આવેલ હતી અને તે અંગેનુ પંચનામુ તટસ્થ પંચોને હાજર રાખી તેઓની હાજરીમા કરવામા આવેલ અને પંચનામાની વિગતે ભોગ બનનારે બનાવ વખતે પહેરેલા કપડા કુલ – ૨ કબજે કરવામા આવેલા જે પંચનામુ પંચોને વાંચી સંભળાવતા બરાબર હોય જેથી પંચોએ અમારા રુબરુ તેમની સહી કરેલી અને રુબરુપણા અંગે અમે અમારી સહી કરેલ જે પંચનામુ આ કામે આંક–૩૬ થી રજુ થયેલ છે તેજ છે જેમા પંચોની તથા મારી સહીઓ છે જે ઓળખી બતાવુ છુ, સદર પંચનામા માટે સરકારી પંચો મેળવવા અંગેની યાદી મે કરેલ હતી જે યાદી આ કામે આંક–૩૪ થી રજુ થયેલ છે તેજ છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ, તેમજ, સદર યાદી અનુસંધાને જુનાગઢ કૃષી યુની. દવારા પંચોની ફાળવણી

માટેનો આદેશ કરવામા આવેલ હતો જે મે તપાસના કાગળો સાથે સામેલ રાખેલ હતો જે આ કામે આંક–૩૫ થી રજુ છે તેજ છે જે ઓળખી બતાવુ છુ, મારી તપાસ દરમ્યાન ભોગ બનનાર બનાવવાળી જગ્યા બતાવતા હોય અને તે અંગેનુ પંચનામુ કરવાનુ હોય જેથી તટસ્થ પંચો (૧) નેમીશભાઈ મુળુભાઈ તથા (૨) ચંદ્રકાંતભાઈ વલ્લભાઈને હાજર રાખી તેઓની હાજરીમા ભોગ બનનારે બતાવ્યા મુબજ કરવામા આવેલ હતુ જે પંચનામુ આ કામે આંક–૩૮ થી રજુ છે તેજ છે જેમા મારી તથા પંચોની સહીઓ છે જે ઓળખી બતાવુ છુ. મારી તપાસ દરમ્યાન ભોગ બનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા અંગેની કાર્યવાહી કરવામા આવેલ હતી અને તે અંગેની યાદી નામ. અદાલતને કરેલ હતી જે આ કામે આંક–૪૦ થી રજુ છે તેજ છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ તેમજ, નામ. કોર્ટ દવારા લેવામા આવેલા નિવેદનની નકલ મેળવવા માટેની યાદી કરેલ હતી જે આ કામે આંક–૪૧ થી રજુ છે તેજ છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ તેમજ, નામ. અદાલત તરફથી મળેલ ખરી નકલ તપાસના કાગળો સાથે રજુ રાખેલ હતી, ત્યારબાદ એ.એચ.ટી.યુ.ના અધિકારીશ્રી ગગનીયા હાજર થઈ જતા આગળની તપાસ તેઓએ કરેલ હતી, મારી તપાસ દરમ્યાન તા. ૫/૫/૨૫ ના રોજ ફરીયાદીનું નિવેદન તેણીના લખાવ્યા મુજબ નોંધેલ હતું.સદર સાહેદને મુદ્દામાલ આર્ટીકલ માર્ક એ તથા બી વાળા કપડા બતાવતા તે કપડા ભોગ બનનારે બનાવ વખતે પહેરેલ હતા અને પંચનામાની કાર્યવાહી વખતે રજુ કરેલાં હતા તે જ હોવાનું ઓળખી બતાવે છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએથી કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નહી કે ત્યાંથી બનાવને લગતા કોઈ ચીન્હો જોવા મળેલાં નહી. ફરીયાદી આરોપીને પહેલેથી ઓળખતા હતા તેવું તપાસમાં ખુલેલું. ભોગ–બનનાર પોતાની મેળે ઘર છોડીને ચાલ્યા ગયેલી તેવું પણ તપાસમાં ખુલેલું વિગેરે હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા તેઓએ તપાસ દરમ્યાન કરેલ કામગીરી સબંધેનો પુરાવો આપેલ છે અને ભોગ–બનનાર પોતાની મેળે ઘર છોડીને ચાલ્યા ગયેલ તેવું તપાસમાં ખુલેલ હોવાનું જણાવેલ છે.

(૧૯) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૯ ફરીયાદીબેન ભુરાભાઈ ગગનીચાને આંક–૮૨ થી તપાસેલ છે. આ સાહેદ સદર ગુનાની તપાસ કરનાર અધીકારી છે. સાહેદે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે, તે સને ૨૦૨૫ માં એ.એચ.ટી.યુ ખાતે પી.આઈ તરીકે ફરજ બતાવતા હતા, સદર ગુનાની તપાસની કામગીરી મળતા તેણે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, સરકારી પંચો મેળવવા માટે યાદી કરેલી, આરોપીની પંચો રૂબરૂ અટક કરેલી તેમજ પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો, આરોપીની અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા યાદી કરેલી, આરોપીની મેડીકલ તપાસણી કરાવવા યાદી કરેલી, સદર ગુનાના કામે કલમોના ઉમેરા કરવા માટે રીપોર્ટ કરેલો, ભોગબનનારના મેડીકલ નમુના મેળવવા તજવીજ કરેલી, મુદ્દામાલ પૃથ્થકરણ કરાવવા માટે યાદી કરેલી, મુદ્દામાલ એફ.એસ.એલ ને મળી ગયા અંગેની પહોંચ તપાસના કામે સામેલ રાખેલી તેમજ અન્ય તપાસ કરનાર અધીકારીઓએ પણ સદર ગુનાની તપાસ કરી આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલુ હતુ તેમ જણાવેલ છે. આ તપાસ કરનાર અધીકારીની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવવા તેની સંમતિ મેળવેલ ન હતી, અટક પંચનામાની વિગતે કોઈ મુદ્દામાલ મળી આવેલ ન હતો, સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ નહી પરંતુ પોતાની મેળે તપાસને અનુરૂપ જાતે લખી લીધેલા, પુરતો પુરાવો ન હોવા છતા ચાર્જશીટ કર્યાનો ઈન્કાર કરેલ છે. આ તપાસ કરનાર અધીકારીના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સાહેદે તેની તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહી અંગે પુરાવો આપેલ છે પરંતુ તપાસ કરનાર અધીકારીનો પુરાવો મુખ્ય પુરાવા પર આધારીત સમર્થનકારક પુરાવો છે તેમજ તપાસની પ્રક્રીયા અંગેનો પુરાવો છે. આરોપી સામે ફરમાવેલ તહોમતનામું પુરવાર કરવા માટે માત્ર સમર્થનકારક પુરાવો પુરતો નથી. આ કામે બનાવમાં ભોગબનનારે બનાવની હકીકતોને સમર્થન આપેલ ન હોય મુખ્ય પુરાવાથી આરોપી સામે ફરમાવેલ તહોમત પુરવાર થતુ ન હોય સમર્થનકારક પુરાવા પર આધાર રાખી આરોપીને દોશીત ઠરાવી શકાય નહી.

**(૨૦)** ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીએ ગઇ તા.૩૧/૧૨/૨૦૨૩ ના કલાક ૧૩.૦૦ થી કલાક ૧૪.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ–બનનાર ઉ.વ. ૧૭ વર્ષ ૧–માસ (જન્મ તા.૧૬/૧૧/૨૦૦૬) વાળીને બાંટવા બસ સ્ટેશન ખાતે બોલાવી, લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઇરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, રાજકોટ સાહેદ કાન્તીભાઇ બીજલભાઇ ચાવડાના ઘરે તથા જામ ખંભાળીયા સાહેદ ભીખાભાઇ નાથાભાઇ ધામેચાના ઘરે લઇ જઇ, ત્યાં ભોગ–બનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી, સંભોગ બળાત્કાર કરી, તેણીની જાતીય સતામણી કરી ત્રણ માસનો ગર્ભ રાખી દઇ ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને સદર કામે મુળ ફરીયાદી તથા ભોગ–બનનાર સાહેદનો પુરાવો તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી ભોગ–બનનારને આ કામના આરોપી ફરીયાદીના વાલીપણામાંથી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઇ ગયેલ હોવાની હકીકત અને આ કામના આરોપી ભોગ–બનનાર સગીર વયની ઉંમરની હોવાનું જાણતા હોવા છતા ભોગ–બનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર સંભોગ કરેલ હોય અને ભોગ–બનનારને ત્રણ માસનો ગર્ભ રાખી દીધેલ હોય તેવી કોઇ હકીકત રજુ થયેલ મૌખિક પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી અને આવી કોઇ હકીકતને ખુદ ભોગ–બનનારના પુરાવાથી પણ સમર્થન મળતુ નથી. ભોગ–બનનારે કોર્ટ સમક્ષ જે પુરાવો આપેલ છે તેમાં તેણી સ્વેચ્છાએ તેનું ઘર છોડીને વિશાલ સાથે લગ્ન કરેલ હતાં, તેની સાથે કયારેય કોઇ બનાવ બનેલ નથી કે તેની સાથે કોઇ શરીર સબંધ બાંધવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે. તબીબી પુરાવા મુજબ ભોગ–બનનારની તા.૨૯/૪/૨૦૨૫ ના રોજ મેડીકલ તપાસણી કરાવેલ છે અને કહેવાતો બનાવ તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ બનેલ છે અને સદર મેડીકલ તપાસણી દરમ્યાન ભોગ–બ્નનારને ત્રણ માસનો ગર્ભ હોવાની હકીકત ડોકટરે જુબાનીમાં જણાવેલ છે પરંતુ આ ગર્ભ બનાવ તારીખ દરમ્યાન રહેલ હોય તેવી હકીકત જણાય આવતી નથી. જો કે, ભોગ–બનનારે તેની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેણીએ તેની સ્વેચ્છાએ તેનું ઘર

છોડીને વિશાલની સાથે લગ્ન કરેલ હતાં, તેની સાથે કોઇ જબરજસ્તી કરવામાં આવેલ નથી, તેણીને કયાય તેની ઇચ્છા વિરુધ્ધ લઇ જવામાં આવેલ નથી કે તેની સાથે શારીરિક હીંસાનો કોઇ બનાવ બનેલ નથી અને તેણીએ આ કામના આરોપી સાથે લગ્ન કરેલ છે અને તેને બાળક પણ છે. આમ, ભોગ–બનનારનું અપહરણ કરેલ હોય અને તેની ઇચ્છા કે સંમતિ વગર અવાર નવાર સંભોગ કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ભોગ–બનનાર સગીર વયની ઉંમરના હતાં તેમ છતા તેની સાથે કોઇ ફોર્સફુલી સંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને સદર હકીકતને ખુદ ભોગ–બનનારે તેની જુબાનીથી સમર્થન કરેલ નથી. વધુમાં ભોગ–બનનારે મેજીસ્ટ્રેટ રૂબરૂના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નીવેદનમાં કોઇ જ હકીકત જણાવેલ નથી અને તેણી નીવેદન આપવા માંગતી નથી તેવું આંક–૧૬ વાળા નીવેદનમાં જાહેર કરેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કોઇ તત્વો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય અને આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ શંકારીહત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય આરોપીને દોષિત ઠરાવી શકાય તેમ નથી. જેથી મુદા નં. ૨ નો નિર્ણય નકારમાં આપી, મુદા નં. ૩ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આ ખ રી હુ ક મ ::–</u>

(૧) આ કામના આરોપી **વિશાલભાઇ ઉર્ફે લક્ષ જમનાદાસ પુરાણી,** રહે. જુનાગઢ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરતા પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઇ મુજબ નામ. હાઈકોર્ટ સમક્ષ આ ચુકાદા વિરુધ્ધ કોઇ અપીલ, રીવીઝન કે અન્ય કોઇ પ્રોસડીંગ થાય તો તેમાં હાજર રહેવા માટે તહોમતદારે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર પુરાં) ના જાત મુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા. આ જામીન રજુ થયેથી કેસ દરમ્યાન આ તહોમતદારના લેવાયેલા જામીન રદ થયેલાં ગણાશે.

(૪) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે લેવાયેલા તહોમતદારના જામીનની સમય મર્યાદા છ માસ સુધીની રહેશે.

હુકમ આજ તા.૦૯ મી, માહે–જુલાઇ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેરે કરવામાં આવ્યો.

વંથલી.
તા.૦૯/૦૭/૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**